॥ वंदे मातरम् ॥

આ ચોપડી દરેક આર્યોએ ખરીદવી.

# વાડાંસીનોરનો રાજા કે રાક્ષસ

યાને

# જુલમથી પ્રજાની લુંટાએલી લાજ.

ભાગ ૧ લો.

છપાવી પ્રસિદ્ધ કરનાર
ભાઈચંદ મણીશંકર હરપતરામ.
ગોરાંગવાસ લાલ સોનીફળીઆ મુ. સુરત.

મળવાનું ઠેકાણું;
મગનલાલ બાપુજી ગોધરાવાળા.
ઠે. સ્વરાજ્ય બુકડીપો ઓફીસ નં. ૧૫૮૦,
સાકરબજાર—અમદાવાદ.

આવૃત્તિ પહેલી    પ્રત ૩૦૦૦    સને ૧૯૨૨

કીંમત ૦-૧-૦



Union, P. Press Co. Ltd. Ahmedabad

# સાહિત્યના રસીકોને વિનંતી.

પુનિત ભારતિય માતાના ગુણ ગાનમાં ઝળકી રહેલા ક્રમવીર કોહીનુર મહાત્મા ગાંધીજી અને ભારતનો ભાનું, લોક માન્ય સ્વ. તિલક કેસરીરાજની ગરબાવળી થોડા સમયમાં બહાર પરશે. તો મારા વ્હાલા ભારત ભુષણ સ્વદેશ ભક્તોને યાચુસ્તું કે પ્રથમથી નામ નોંધાવી ગ્રાહક તરીકે મદદ આપી પુસ્તકમાં આપશ્રીના મુબારક નામ પ્રગટ કરીશું. ફી. ૦-૨-૦ અગાઉથી મોકલવા વિનંતી છે.

મળવાનું ઠેકાણું.

ભારત સેવાનો ભીખારી,

**મણિશંકર દલપતરામ અધ્વર્યુ.**

ઠે સોની ફળીઆ--સુરત.

# વાડાસીનોરનો રાજા કે રાક્ષસ.

(રાગ—મરસીયો.)

હાય હાયરે, વાડાસીનોરના રાજવી
એને જુલમથી નાખ્યા ગાજવીરે. હાયહાયરે. ૧

ક્યા જનમનો એનો છે વેરી
લીધી રાંક પ્રજાને શું ઘેરી
જવાળા ફેંકી એને તો ઝેરીર. હાયહાયરે. ૨

દેશી રાજ્યમાં ડાયર પાક્યો
ખરે પ્રજાનો દુશમન જાગ્યો
ત્રાસ ત્રાસનો ધ્વનિ લાગ્યોરે. હાયહાયરે. ૩

મુસલીમ જાતમાં ડાઘ લાગે
આજ સ્વતંત્રતા સૌ માગે
હાય કપૂત આવા જાગેરે. હાયહાયરે. ૪

બાળ સમ પ્રજાને મારે
નથી દાજ દીલેતો લગારે
રડે રાંક પ્રજા ચોધારેરે. હાયહાયરે. ૫

કંઇ ધર્મને માટે તો મૂવા
ધર્મ માટે માગે છે કો હુવા
આવા ક્યાંથી પાકે છે જુવારે ? હાયહાયરે. ૬

ગ્રામ દ્વારો ચારે બંધ કીધા
તોપ ગોળા અડાવી શું દીધા
જુલંમ તણા પાસા શું લીધારે. હાયહાયરે. ૭

ખલીફાને ખિલાફત્ ન જાણે
વળી કુરાન ક્યાંથી પ્રમાણે
રાંક પ્રજાની લાજ લૂટાણેરે. હાયહાયરે. ૮

બાપ બની બેઠા શું એ દુશમન્
પ્રજાતણો નહીં એતો રાજન્
કોઇ ઉઠો વીરા ભીડ ભાંજનેરે. હાયહાયરે. ૯

ભુત મરે ને પલીત જાગે
ભલી ભારત દુઃખથી ભાગે
આવા દુષ્ટોના ડંકા વાગેરે. હાયહાયરે. ૧૦
વળી ખાદ્દી પ્હેરીને જે જાયે
તેના બુરાતો હાલજ થાયં
હદ બ્હાર તેને તો મૂકાયેરે. હાયહાયરે. ૧૧
બાળે ખાદી તણા તે પોપાંકા
હિન્દ વેરી જન્મ્યો એ પાંકા
ઓ વીર વીરાઓ જાગોરે. હાયહાયરે. ૧૨
જુલ્મિ રાજા અને અમલદારો
પોલિસ કરતી રહે મારો મારો
કોણ સુણે આવા પોકારોરે. હાયહાયરે. ૧૩
ગુંદી ગુંદીને રાજ તો મારે
ઝુંદી ઝુંદીને દાઝજ વાળે
એ શું રાંક પ્રજાને પાળેરે. હાયહાયરે. ૧૪

બ્રિટીશ હકુમત્‌માં એ રાજી
એને જુલમ ગમે છે ઝાઝા
નહી બ્રિટીશ તમારી માઝારે. હાયહાયરે. ૧૫

ખુંચી લેવી એની રાજસત્તા
જરૂર ખવડાવો એનેતો ખત્તા
કેમ બ્રિટીશ કરે છે જતારે. હાયહાયરે. ૧૬

સૌને જોવા મળે છે તમાસો
અવસર સારો મળે છે ખાસ્સો
ગવરમેન્ટ કરે ના તપાસોરે. હાયહાયરે. ૧૭

મણુ થાઓ હવે સાહયકારી
વાડાસીનોર લેજો ઉગારી
વદે મનુ થાય છે ખુવારીરે. હાયહાયરે. ૧૮

લી.

ભારત સેવાનો ભીખારી મનુ.

# સ્વરાજ્ય બુકડીપોમાં મળતી બુકોનું લીસ્ટ

| | | | |
|---|---|---|---|
| મહાત્મા ગાંધીજીનું વચનામૃત .... | | .... | ૦—૧—૦ |
| મહાત્મા ગાંધી અને ભારતની જાગૃતી | | ... | ૦—૧—૦ |
| સ્વદેશ ગરબાવળી | .... .... | ... | ૦—૧—૦ |
| કરાંચીના કેદી | .... .... | .... | ૦—૧—૦ |
| પંજાબનું રમખાણ | .... .... | .... | ૦—૧—૦ |
| હિંદની અકળામણ | ... .... | .... | ૦—૧—૦ |
| સોળ વર્ષની સતિ | ભાગ ૧ .... | .... | ૦—૧—૦ |
| ,, ,, | ભાગ ૨ .... | .... | ૦—૧—૦ |
| ,, ,, | ભાગ ૩ .... | .... | ૦—૧—૦ |
| ,, ,, | ભાગ ૪ .... | .... | ૦—૧—૦ |
| સોળ વર્ષની સતિ | ભાગ ૫ છપાય છે | .... | ૦—૧—૦ |

આ ચોપડીઓ વેચવાને આબરૂદાર એજન્ટો તેમજ હુંશીયાર નોકરોની જરૂર છે પગાર લાયકાત મુજબ. રૂબરૂ મળો યા લખો.

મળવાનું ઠેકાણું,

## સ્વરાજ્ય બુક ડીપો.

ઓફીસ નં. ૧૫૨૦, અણુપુર સાકર બજાર,

મુ. અમદાવાદ

# જાહેર ખબર.

દરેક દેશબંધુઓને ખબર આપવામાં આવે છે
કે મારા તરફથી થોડા સમયની અંદર સોળ વર્ષની
અને નવ વર્ષનો પતિ એ નામની બુક પાકું પુંઠું ?
કાગળ અને સુંદર એકવીસ ચિત્રો સહીત ઓફર્વાસ
સાથેની બુક નીકળશે. જેની અંદર ઘણીજ આશ્ચર્ય "
તેવી કોમીક ગઝલો તેમજ પતિ પતિના અરસ પરસ
પ્રેમ ભર્યા પત્રો સહીત આ નોવેલ લખવામાં આવેલી છે;
માટે કોઈ પણ ગૃહસ્થ આ બુકના અગાઉ ગ્રાહક થવા
ઈચ્છા રાખતા હોય તેમને એક રૂપીઆનુ નોટ કંપની ૧
ઉપર બીડી મોકલાવું જેથી નોટ મળે કંપનીની ૧
આપવામાં આવશે અને બુક છપાયે બાકીની રકમ
વી. પી. કરવામાં આવશે. અગાઉ ગ્રાહક થનાર પા
૨-૪-૦ બુક છપાયા બાદ તેની કિંમત ૨-૮-૦.

અગાઉ ગ્રાહક થનારનું નામ ચોપડીની અંદર :
રવામાં આવશે.

મળવાનું ઠેકાણું,

**સ્વરાજ્ય બુક ડીપો.**

ઓફીસ નં. ૧૫૨૭, સાકર બજાર,

મુ. અમદાવાદ.